સેક્ટર-૨ ૩માં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન રાયસણ ખાતે યોજાયું હતું. સંમેલનમાં વર્ષ-૨૦૦૪ થી ૧૪, એક દશકાના ૨૦૦ થી પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલન દરમિયાન પૂર્વ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ સાથે મળીને જૂની યાદોને જીવંત બનાવી હતી.

‘હાલો ભેરું ગામડે’ની યાદ અપાવતું પુસ્તક ‘આપ્પા સાહેબની વાતો’નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર એ સાહિત્યનું પાટનગર છે. આ શહેરમાં દર અઠવાડીયે એક પુસ્તક પ્રકાશીત થાય છે. આ સિલસિલો બરકરાર રાખતાં ગઈકાલે પણ ગાંધીનગર સાહિત્ય સભાના આંગણે વરિષ્ઠ સભ્ય અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અભિરૂચિ ધરાવતાં ભાલચંદ્ર કાજરેકરનાં મરાઠી પુસ્તક ‘ આપ્પાંચ્યા ગપ્પા’ નો ગુજરાતી અનુવાદ ‘આપ્પા સાહેબની વાતો’નું વિમોચન થયું.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, ઉપપ્રમુખ નટવર હેડાઉ અને સુરેશ ભટ્ટ, મંત્રી સંજય થોરાત અને મૂળજીભાઈ પરમારને હસ્તે સાહિત્ય સભાની નિયમીત બેઠકમાં આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. પ્રમુખ ભરત કવિએ ૭૦ વર્ષથી વધુ વયના મૂળ લેખક આપ્પા સાહેબ સોનટક્કે અને અનુવાદક ભાલચંદ્ર કાજરેકરના આ પ્રયાસને બિરદાવતાં કહ્યું કે, ‘ગ્રામીણ સંસ્કૃતિના દસ્તાવેજ સમાન આ પુસ્તકનો સુંદર ભાવાનુવાદ થયો છે અને સાંપ્રત પેઢી આ હળવા પ્રકારની લોકબોલીની વાતોથી એમનાં સુસંસ્કૃત સમાજના દર્શન કરી શકશે.

‘આપ્પા સાહેબની વાતો’ પુસ્તકના અનુવાદક ભાલચંદ્ર કાજરેકરે પુસ્તક વિશેની માહિતી, રસપ્રદ કિસ્સા અને ગમેલી વાતોને સૌ સમક્ષ રજુ કરી. આ પુસ્તકની પ્રસ્તાવના લખનાર ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે પુસ્તકમાં સમાવિષ્ટ વિવિધ પહેલુઓની રસાળ છણાવટ કરી. મરાઠી ભાષામાં લખાયેલી વાતોનો મૂળ હેતુ સાચવીને લખાયેલા પ્રસંગો અને પાત્રો ‘હાલો ભેરુ ગામડે’ની યાદ અપાવે છે.

ગ્રામ્યજીવનની ગાથા સમાન વડ, આંબો, તળાવ, મંદિર, ભેંસ, ગાય, લગ્ન-મરણ, નાત-જાત, દ્વિપત્ની, સંયુક્ત કુટુંબ, બ્રાહ્મણ, સૂયાણી, સ્મારકો, પૂતળાં...જેવી પાત્ર, પ્રસંગ, વસ્તુને આવરીને એક સુંદર મરાઠી પુસ્તકનું ગુજરાતીકરણ થયું છે. ભાલચંદ્ર કાજરેકર બીજા અન્ય મરાઠી પુસ્તકોને ગુજરાતીમાં અનુવાદીત કરે એવી શુભેચ્છાઓ સાહિત્ય સભાના સૌ પદાધિકારી અને સભ્યોએ વિમોચન પ્રસંગે આપી હતી.

પ્લાસ્ટ ઈન્ડિયાના ચાર દિવસમાં

આડેધડ પાર્ક કરેલા ૧૦૦થી વધુ વાહનો ટોઈંગ કરાયા

એક્ઝીબીશન આસપાસ અડચણરૂપ પાર્કીંગથી થતા ટ્રાફીક જામને પગલે આવા વાહનો હટાવવા ૮ ક્રેઈન દોડતી કરાઈ

ગાંધીનગર, તા.૯

શહેરના એક્ઝીબીશન સેન્ટર સે-૧૭ ખાતે યોજાઈ રહેલા પ્લાસ્ટ ઈન્ડિયામાં હજારો મુલાકાતીઓનો રોજનો ધસારો હોય છે. જેને પગલે શહેરમાં જબરદસ્ત ટ્રાફીકની સમસ્યા ઉદભવી છે તે ઉપરાંત રસ્તા વચ્ચે આડેધડ વાહન પાર્કીંગ કરીને એક્ઝીબીશન જોવા જતા રહેતા મુલાકાતીઓના કારણે સમસ્યા વધુ વકરે છે. જેથી આવા આડેધડ પાર્ક કરેલા વાહનો ટોઈંગ કરવાની કામગીરી ટ્રાફીક પોલીસે સઘન બનાવી છે. ચાર દિવસમાં પોલીસે આવા ૧૦૦થી વધુ વાહનો ટોઈંગ કરી અન્ય સ્થળે ખસેડયા છે.

પ્લાસ્ટ ઈન્ડિયામાં પ્રદર્શન જોવા કયાંય કયાંયથી આવતા મુલાકાતીઓનો ધસારો ખુબ છે. દરરોજ અંદાજે ૫૦ હજાર જેટલા મુલાકાતીઓ પ્લાસ્ટ ઈન્ડિયામાં આવે છે. સવાર અને સાંજ આ કારણોસર જબરદસ્ત રોડ ટ્રાફીક સર્જાય છે તેને પહોંચી વળવા માટે પાર્કીંગના છ જેટલા મોટા મેદાનો રખાયા છે પરંતુ તે ખુબ દુર હોવાથી લોકો પ્રદર્શનની આસપાસના નજીકના રોડ પર જયાં જગ્યા દેખાય તથા આડેધડ વાહન પાર્કીંગ કરીને ચાલ્યા જાય છે જેને કારણે ટ્રાફીકની સમસ્યા ખુબ વકરે છે. આ ટ્રાફીકની સમસ્યા હળવી થાય તે માટે આડેધડ પાર્ક કરેલા વાહન ટોઈંગ કરવા માટે ૮ ક્રેઈન દોડતી કરી દેવામાં આવી છે અને ચાર દિવસમાં પ્લાસ્ટ ઈન્ડિયાના મુલાકાતીઓના અડચણરૂપ પાર્ક કરેલા ૧૦૦ જેટલા વાહનો ટ્રાફીક પોલિસ દ્વારા ટોઈંગ કરીને અન્ય સ્થળે મુકાયા છે.

સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ, ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૨માં મહાસુદ તેરસના દિવસે ઈષ્ટદેવ શ્રી વિશ્વકર્મા પ્રભુ જયંતિની ઉજવણી શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. ઉજવણીનું જ્ઞાતિબંધુઓ દ્વારા સક્રીય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિના સભ્યોએ તથા આમંત્રિત મહેમાનોએ સહપરિવાર ઉપસ્થિત રહી પૂજાદર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ઘરફોડ અટકાવવા પોલીસ ચોકીદારોને ટ્રેઈન કરશે

સીસીટીવી મોનીટરીંગથી માંડીને ઘરફોડીયા દેખાય તો પહેલા શુ કરવુ તે અંગે માર્ગદર્શન આપશે : જુના ઘરફોડીયાઓના ફોટા પણ ચોકીદારોને બતાવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીઓ શિક્યુરીટી ગાર્ડ મુક્યા હોય તેવી સોસાયટીઓમાં પણ થવા લાગતા આ બાબતને ગંભીરતાથી લઈ ગાંધીનગર પોલીસે ચોકીદારોને કેટલીક મહત્વની તાલીમ આપી તેમને ટ્રેઈન કરવાનો કિમીયો અપનાવ્યો છે. વિવિધ સોસાયટીઓ, શોપીંગ સેન્ટર્સ, બેન્ક, એટીએમના ચોકીદારોને સીસીટીવી કેમેરા જો લગાડેલા હોય તો તેનું મોનીટરીંગ કેવી રીતે કરવું અને શકમંદ વ્યક્તિ દેખાય તો પહેલા શું કરવું તે સહિતનું માર્ગદર્શન આપી ચોકીદારોને ઘરફોડીયાઓને પકડવા માટે સજ્જ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં અગાઉ ઘરફોડ ચોરીમાં તથા અન્ય ચોરીઓમાં પકડાઈ ચુકેલા અને લીસ્ટેડ ચોરોના ફોટોગ્રાફ પોલીસે તૈયાર કર્યા છે. આ લીસ્ટેડ ચોરોના ફોટો શહેરની વિવિધ સોસાયટીઓમાં ફરજ બજાવતા ચોકીદારોને બતાવવામાં આવશે જેથી સોસાયટી આસપાસના વિસ્તારમાં ફરતો અને શંકાસ્પદ હિલચાલ કરતો નજરે ચઢે તો તકેદારી રાખીને તેને પકડી શકાય. તે ઉપરાંત સોસાયટી, બેન્ક, એટીએમ, શોપીંગ સેન્ટર સહીત વિવિધ સ્થળોએ ફરજ બજાવતા ચોકીદારોએ ઘરફોડીયા કે અન્ય શકમંદ હાલતમાં વ્યક્તિ દેખાય તો શુ શુ પગલા લેવા તે ઉપરાંત જો સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હોય તો તેનું મોનીટરીંગ કેવી રીતે કરવું તે સહિતની તાલીમ આપી ચોકાદીરોને સજ્જ કરવામાં આવશે.

ઠાકોર ક્ષત્રિય મેરેજ બ્યુરો દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૯

શુભ લાભ ઠાકોર (ક્ષત્રિય) મરેજ બ્યુરો દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે ખીમજી વિસરામ હોલ, કડી સર્વ વિદ્યાલય સંકુલ સેક્ટર-૨૩ ખાતે મેરેજ બ્યુરોનો દ્વિતીય જીવન સાથી પસંદગી મેળાવડો યોજાયો. જેમાં મોટી સંખ્યામાં ગુજરાતના વિવિધ વિસ્તારમાં વસતા ઠાકોર યુવક યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પસંદગી મેળામાં ડીસા, પાલનપુર, રાજકોટ, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, જેવા અનેક વિસ્તારમાંથી યુવકો અને યુવતીઓ આવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય શ્રી એમ.કે. દેથાલીયા, શ્રી સી.પી. ઠાકોર, શ્રી એસ.એન. ઠાકોર, શ્રી નારણભાઈ ઠાકોર (ઘાટલોડીયા વાલા), શ્રી લક્ષ્મણસિંહ ઠાકોર (પૂર્વ પ્રમુખ, ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર કર્મચારી મડંળ), શ્રી રમેશચંદ્ર ઠાકોર (સહ સંચાલક), શ્રી કાળુજી ઠાકોર (સંચાલક) દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ યુવક-યુવતીઓનો સ્ટેજ પરિચય રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે શ્રી રમેશચંદ્ર ઠાકોર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ગોવર્ધનનાથજી હવેલી દર્શનમાં ફેરફાર

સેક્ટર-૨૧માં આવેલ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ગોવર્ધનનાથજી પ્રભુનો ૨૩મો પાટોત્સવ આગામી ૧૨મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. મંદિરમાં દર્શનનો સમય ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ રાજભોગના દર્શન સવારે ૧૧.૩૦ કલાકે થઈ શકશે. જ્યારે તા. ૧૨મીના રોજ નંદ મહોત્સવ પલનામાં દર્શન સવારે ૧૦.૦૦ કલાકે તિલક દર્શન રાજભોગ બપોરે ૧૨.૦૦ કલાકે, શયનમાં હોરીદરા મનોરથ સાંજે ૬.૩૦ કલાકે થઈ શકશે. દર્શનના સમયની નોંધ લેવા ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદ મંત્રી રસીકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

ટેકવીડન કાર્યક્રમો સમાપન સમારંભ આજે

ગાંધીનગર, તા. ૯

બાપુ ગુજરાત નોલેજ વિલેજ દ્વારા યોજાઈ રહેલા ટેકવીડન કાર્યક્રમનો સમાપન સમારંભ આવતીકાલે તા. ૧૦મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦ વાગે બાપુ-જીકેવી કેમ્પસ, ગાંધીનગર-માણસા રોડ, વાસણ ખાતે યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં બાપુ ગુજરાત નોલેજ વિલેજના ચેરમેન શ્રી શંકરસિંહ વાઘેલા પ્રમુખપદે ઉપસ્થિત રહેશે જ્યારે મુખ્ય મહેમાનપદે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એમ.એન. પટેલ અને અતિથિવિશેષ પદે આઈએટીઈના ચેરમેન પ્રો. કે.એમ. ભાવસાર ખાસ ઉપસ્થિત રહેશે.

રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૯

સિનિયર સિટીજન કાઉન્સિલ ગાંધીનગર અને સહયોગ મંડળ દ્વારા તા. ૧૫ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન મહારાષ્ટ્રભવન સેક્ટર-૨૧ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં નગરજનોને રક્તદાન કરી મહાદાનનું મહાપુણ્ય કમાવવા જણાવવામાં આવ્યું છે.

નીતિગત ભેદભાવ વિષય પર પરિસંવાદ

ગાંધીનગર, તા.૯

સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ ‘જાતિગત ભેદભાવ અને મહિલાઓ સાથેની હિંસા’ વિષય પર પરિસંવાદ યોજવામાં આવશે. ગુજરાત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને કોલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા પરિસંવાદ યોજાશે.

સાંસ્કૃતિક કુંજના વસંતોત્સવના સ્ટોલ ફાળવવા જોગ

ગાંધીનગર, તા. ૯

સંસ્કૃતિકુંજ, જ-રોડ,સેક્ટર-૯, ગાંધીનગર ખાતે આગામી તા. ૨૫ ફેબ્રુઆરીથી તા. ૮ માર્ચ-૨૦૧૫ માસમાં વસંતોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ક્રાફ્ટ બજાર માટે સ્ટોલ ફાળવવાના હોઈ, હસ્તકલા કારીગર અંગેના ડી.સી. સર્ટીફિકેટ ધરાવતા હોઈ તેવા હસ્તકલા/શિલ્પકલાના કારીગરો પાસેથી તથા ખાણી-પીણીના સ્ટોલ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીઓ જરૂરી આધાર પુરાવા સાથે કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૧, ત્રીજો માળ, ગાંધીનગરને તા. ૧૬-૨-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે. ક્રાફ્ટ બજાર માટે સર્ટીફિકેટ વગરની અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

કલોલ તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ કલોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૯

જનહિતને સ્પર્શતા, અરજદારોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ થાય તે હેતુથી લોકસંવાદ સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આજરોજ કલોલ તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ મામલતદાર કચેરી, કલોલ ખાતે ગાંધીનગર જિલ્લા -ભારી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં કલોલ તાલુકાના અરજદારોએ જમીન, સિંચાઈ, વીજળી, નગરપાલિકાને લગતા, પાણીને લગતા તેમજ પોલીસ કામગીરીને સ્પર્શતા ૨૧ પ્રશ્નો રજૂ કર્યા હતા. મંત્રી શ્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં રજૂ થયેલા પ્રશ્નો પૈકી ૧૯ પ્રશ્નોનો હકારાત્મક અને ત્વરિત રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

આ -સંગે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, અધિક નિવાસી કલેકટર શ્રી એમ. ડી. મોડિયા, કલોલ -ંત અધિકારી શ્રી વી. જી. કાલરિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીમતી જયશ્રીબેન દેવાંગણ, નગરપાલિકા -મુખ શ્રી બાવરિયા અને સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રજ્ઞા હતા.

ધારાસભ્ય શંભુજી ઠાકોરના નવિન કાર્યાલયનો શુભારંભ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ૩૫ દક્ષિણ મત વિસ્તારના ધારાસભ્ય શંભુજી ચેલાજી ઠાકોર દ્વારા નવીન કાર્યાલયનો શુભારંભ કરવામાં આવશે. તા. ૧૧ ફેબ્રુઆરી સવારે ૧૦.૩૦ કલાકે, સાર્થકમોલ, બીજો માળ, સરગાસણ ચોકડી ખાતે શુભારંભ કરવામાં આવશ. મત વિસ્તારમાં મતદારો પોતાના ધારાસભ્યને રજુઆતો કરી શકે તે હેતુથી નવીન કાર્યાલયનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭
સૂર્યાસ્ત : ૬.૩૩

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેબી : ૨.૪૦

: સ્ક્રીન-૩ :
સેવન્થ સન (અંગ્રેજી) (૩ડી) : ૭.૪૫
બેબી : ૧.૪૫, ૯.૪૫
ષમિતાભ : ૪.૪૫

સ્ક્રીન-૪ :
હવાઈજાદા : ૧.૦૦
જય જવાન જય કિસાન : ૪.૦૦
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦
ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૫ :
ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦
બેબી : ૩.૪૫
ખામોશીયાં : ૧૨.૪૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
પી.કે : ૬.૪૫

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

ચિરવિદાય

- સ્વ. હિરાલાલ મગનભાઈ પરમાર (ઉ.વ.૬૧) પ્લોટ નં. ૧૫૬/૨, સે-૨ડી, ગાંધીનગર
- સ્વ. જયંતિભાઈ હરિભાઈ શ્રીમાળી (ઉ.વ.૬૦) જીઈબી પાવર હાઉસની સામેનાં છાપરાં, ગાંધીનગર
- સ્વ. શર્મિલાબેન અમૃતલાલ પરમાર (ઉ.વ.૭૫) પ્લોટ નં.૪૫૭/૧, સે-૧૨બી, ગાંધીનગર
- સ્વ. દત્તાત્રેય ત્ર્યબંકભાઈ દાતાર (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૭૫૩, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર